BUSINESS મિત્ર

પીઢ રોકાણકાર જેરેમી ગ્રાન્થમનો મોટો દાવો

ક્રિપ્ટો કરન્સી મહત્વ ગુમાવી દેશે

બિટકોઇનના 'ખરાબ દિવસો' શરૂ: દિગ્ગજ રોકાણકારે ગણાવી નકામી સંપત્તિ

કોઈ વાસ્તવિક મૂલ્ય નથી, ધીમે-ધીમે ગાયબ થઈ જશે બિટકોઇન" - GMO સહ-સ્થાપકનો દાવો

ક્રિપ્ટોનો ઉપયોગ રોજિંદી ચુકવણી માટે કરતા નથી, પરંતુ તેનો ઉપયોગ મોટે ભાગે ખોટા કામ અને પૈસાની હેરાફેરી માટે થાય છે

નવી દિલ્હી, તા. 27: વિશ્વની સૌથી મોટી ક્રિપ્ટો કરન્સી બિટકોઈનના ખરાબ દિવસો શરૂ થઈ ગયા છે. પીઢ રોકાણકાર અને જીએમઓના સહસ્થાપક જેરેમી ગ્રાન્થમે બિટકોઈનની આકરી ટીકા કરી છે અને નકામી સંપત્તિ ગણાવી છે. તેમનું માનવું છે કે આગામી સમયમાં તે પોતાનું મહત્વ સંપુર્ણપણે ગુમાવી દેશે.

જેરેમી ગ્રાન્થમે કહ્યું હતું કે, આગામી સમયમાં તે પોતાનું મહત્વ સંપુર્ણપણે ગુમાવી દેશે. તમને જણાવી દઈએ કે આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે બિટકોઈનની કિંમત રૂ. 60000 ડોલરની માસિક સપાટીથી ઘટીને 59934 ડોલર થઈ ગઈ છે. આ મોટા ઘટાડાને કારણે ક્રિપ્ટો માર્કેટમાં ભયનો માહોલ સર્જાયો છે.

જેરેમી ગ્રાન્થમે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે બિટકોઈનનું પોતાનુ કોઈ વાસ્તવિક મૂલ્ય નથી. આ માત્ર એક અટકળો છે જે મોટા બુલ માર્કેટમાં પણ સારૂ પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગઈ છે. તેમણે દાવો કર્યો હતો કે આગામી વર્ષોમાં, બિટકોઈનનું અસ્તિત્વ ધીમે ધીમે કોઈ ધડાકા વિના સંપૂર્ણપણે અદ્રશ્ય થઈ જશે. ગ્રાન્થમના જણાવ્યા અનુસાર, લોકો તેનો ઉપયોગ રોજિંદા માલ માટે અથવા સુપરમાર્કેટમાં ચુકવણી માટે કરતા નથી, પરંતુ તેનો ઉપયોગ મોટે ભાગે ખોટા કામ અને પૈસાની હેરાફેરી માટે થાય છે.

કોઈન માર્કેટના ડેટા અનુસાર, બિટકોઈન 2.66 ટકા ઘટીને 59,934.04 ડોલર પર આવી ગયો છે. આ કારણે તેનું માર્કેટ કેપિટલાઈઝેશન પણ 2.75 ટકા ઘટીને 1.2 ટ્રિલિયન ડોલર થઈ ગયું છે. બિટકોઈન, તેમજ સમગ્ર ક્રિપ્ટો માર્કેટની માર્કેટ કેપ પણ મે પછીના સૌથી નીચલા સ્તરે 2.06 ટ્રિલિયન ડોલર પર પહોંચી ગઈ છે. બીજા ક્રમની સૌથી મોટી ક્રિપ્ટો, ઈથેરિયમમાં પણ 0.77% નો ઘટાડો જોવા મળ્યો છે.

નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર, યુ.એસ.માં ફુગાવાના વધતા આંકડાને કારણે ફેડરલ રિઝર્વ વ્યાજ દરો ઊંચા રાખશે તેવી આશંકા છે. વાઝિરએક્સના સ્થાપક નિશ્ચલ શેટ્ટીના જણાવ્યા અનુસાર, હવે ક્રિપ્ટોમાંથી પૈસા બહાર આવી રહ્યા છે અને હવે એઆઈ અને ટેક શેરોમાં રોકાણ કરવામાં આવી રહ્યું છે. બિટકોઈન ઈટીએફમાંથી સતત આઉટફ્લો અને ઘટતા રોકાણોએ વેચાણનું દબાણ વધાર્યું છે, જેના કારણે સમગ્ર ક્રિપ્ટો માર્કેટ લાલ નિશાન પર જાય છે.

કોવિડના કારણે ના.સુપ્રીમ કોર્ટે લંબાવેલ સમયમર્યાદા GSTની અપીલ માટેની સમયમર્યાદાને પણ લાગુ પડે

નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

કાયદાની કેડીએ...

ઈશ્વર ફૂદલાલ

કોવિડ-19ની મહામારીને ધ્યાને લઈ, નામદાર સુપ્રિમકોર્ટે આદેશ પસાર કરીને, કોઈ પણ કાયદા હેઠળની કાર્યવાહી કરવાની સમયમર્યાદા લંબાવેલ હતી. આ આદેશનો લાભ GSTની અપીલ કરવા માટેની સમયમર્યાદાને પણ લાગુ પડે એવો અગત્યનો ચૂકાદો તાજેતરમાં ના. ગુજરાત હાઈકોર્ટે આપ્યો છે, ખેર! નામદાર ગુજરાત હાઈકોર્ટના મારવીન એન્ટરપ્રાઈઝ વિ. સ્ટેટ ઓફ ગુજરાત- સ્પે.સી.એપ્લી. નં. 4869/2026ના તા. 9-4-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

હકીકત...

અરજદારનો માલિકી ધંધો છે. તેમના કેસમાં બોગસ ઈન્પૂટ ટેક્ષ ક્રેડિટ મેળવ્યાના આરોપસર તેમનો રજીસ્ટ્રેશન નંબર 26 કરતો ઓર્ડર તા. 1-1-22ના રોજ પસાર કરવામાં આવ્યો હતો. ઍજદાર દ્વારા આ આદેશ સામે પ્રથમ અપીલ તા. 6-6-22ના રોજ દાખલ કરવામાં આવેલ હતી. આ પ્રથમ અપીલ GST કાયદાની કલમ 107માં ઠરાવવામાં આવેલ 4 મહિનાની મહત્તમ સમયમર્યાદા બહાર દાખલ કરાયેલ હોવાના કારણસર તા. 19-4-24ના ઓર્ડરથી નામંજૂર કરવામાં આવતા, તે ઓડરને અરજદાર દ્વારા ના. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રીટ-પીટીશન ફાઈલ કરવામાં આવી.

દલીલ...

અરજદારના વિધ્વાન એડવોકેટે જણાવ્યું કે તા. 1-1-22ના આદેશ સામેની પ્રથમ અપીલ તા. 6-6-22ના રોજ દાખલ કરવામાં આવેલ અને અપીલ દાખલ કરવાની મહત્તમ સમયમર્યાદા ગણવામાં આવે તો અપીલ 67 દિવસ મોડી દાખલ કરવામાં આવેલઅને તેથી નામંજૂર કરવામાં આવી હતી. પરંતુ....

નામદાર સુપ્રિમકોર્ટનો તા. 10-1-22નો ઓર્ડર ધ્યાને લેવામાં આવે તો કોવિડ 19ની મહામારીને કારણે તા. 1-1-22થી તા. 28-2-22નો સમયગાળો સમયમર્યાદા નક્કી કરતી વખતે બાકાત કરવાનો અને તેનાં સમર્યનમાં ના. મુંબઈ હાઈકોર્ટના નોવાકર ડ્રગ્સ સ્પેશિયાલીસ્ટ પ્રા.લી.ના ચૂકાદાનો આદાર લેવામાં આવ્યો અને તેથી તા. 6-6-22ના દાખલ કરવામાં આવેલ પ્રથમ અપીલ સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ હતી. તો...

સુરક્ષરશ્રી તરફથી...

આસી. ગર્વમેન્ટ પ્લીડરે દલીલ કરતા જણાવ્યું કે અપીલ મોડી દાખલ કરવામાં આવેલ હોય તો પછી મા.હાઈકોર્ટને પણ ઢીલ માફ કરવાની સત્તા નથી.

ચૂકાદો...

ના.હાઈકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે ના.સુપ્રિમકોર્ટના તા. 10-1-22ના ઓર્ડરમાં સ્પષ્ટપણે સૂચના આપેલ છે કે સામાન્ય કે સ્પેશિયલ કાયદામાં કોઈ પણ સમયમર્યાદા હોય તેમાં તા. 15-3-20થી તા. 28-2-22નો સમયગાળો બાકાત રાખવાનો રહેશે.

આથી આ કેસમાં અપીલ દાખલ કરવાની સમયમર્યાદા તા. 1-3-22થી ગણવાની રહે. આમ આ કેસમાં અપીલ દાખલ કરવા માટેની સમયમર્યાદા તા. 30-6-22ના રોજ પૂરી થાય. અરજદાર દ્વારા તા. 6-6-22ના રોજ અપીલ દાખલ કરવામાં આવેલ હતી. આમ કાયદાની 4 મહિનાની મહત્તમ સમયમર્યાદામાં અપીલ દાખલ કરવામાં આવેલ હતી. અને...

ના.હાઈકોર્ટે આ કેસને એવી સ્પષ્ટ સૂચના સાથે રીમાન્ડ કર્યો, કે કાયદા અનુસાર તા. 31-5-22ની સમયમર્યાદા બાદ તા. 6-6-22ના રોજ અપીલ દાખલ કરેલ હોય, અપીલ દાખલ કરવા 6 દિવસની ઢીલ, તે માફ કરવા અંગે યોગ્ય કારણ જણાય તો, ઢીલ માફ કરીને, ગ્રણદોષ પર અપીલનો, ઓર્ડર મળે 12 મહિનામાં અપીલનો નિર્ણય કરવા ફરમાવ્યું.

આયાતી દવાઓની શેલ્ફલાઈફ વધારીને 12 મહિના કરવાનો પ્રસ્તાવ

દવાઓનો બગાડ અટકાવવા અને સપ્લાય ચેઇન મજબૂત કરવા કેન્દ્ર સરકારે નિયમોમાં ફેરફારનો પ્રસ્તાવ મૂક્યો

મુંબઈ, તા. 27: કેન્દ્ર સરકારે દેશમાં આયાત થતી દવાઓ માટે ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ ના નિયમ ૩૧ માં સુધારાનો એક મહત્વપૂર્ણ મુસદ્દો જાહેર કર્યો છે.

નવા પ્રસ્તાવ અનુસાર, હવે ભારતમાં આયાત થતી દવાઓ માટે લઘુત્તમ ૧૨ મહિનાની 'શેલ્ફ લાઈફ' (વપરાશની અવધિ) બાકી હોવી ફરજિયાત રહેશે. હાલના નિયમ મુજબ, જે દવાની ૬૦% ઉપયોગી શેલ્ફ લાઈફ બાકી હોય તેને જ આયાત કરવાની મંજૂરી મળે છે. જો કે, જૈવિક ઉત્પાદનો અને રેડિયોફાર્માસ્યુટિકલ્સ માટે ૬૦% વાળો જૂનો નિયમ જ લાગુ રહેશે.

સુધારાથી થનારા મુખ્ય ફાયદા: દવાઓનો બગાડ અટકશે: ટૂંકી શેલ્ફ લાઈફને કારણે ફેંકી દેવી પડતી દવાઓનો બગાડ ઘટશે.

ખર્ચમાં ઘટાડો: સપ્લાય મેનેજમેન્ટ બહેતર થવાથી દવાઓનો ખર્ચ ઘટશે અને ઈન્વેન્ટરીનો યોગ્ય ઉપયોગ થશે.

દર્દીઓને પૂરતો સમય મળશે: એક્સપાયરી ડેટ પહેલા વિતરણ અને વપરાશ માટે પૂરતો સમય મળતાં દર્દીઓને સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત દવાઓ મળશે.

આરોગ્ય મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે આ સુધારો માત્ર આયાત સમયની શેલ્ફ-લાઈફ પૂરતો જ સીમિત છે. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ હેઠળ દવાઓની ગુણવત્તા, સલામતી કે અસરકારકતાના અન્ય નિયમોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને પ્રોત્સાહન આપવા માટે ડ્રગ્સ ટેકનિકલ એડવાઈઝરી બોર્ડ સાથે પરામર્શ કરીને ૨૨ જૂને આ ડ્રાફ્ટ જાહેર કરાયો છે, જેના પર હિસ્સેદારો પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા છે.

લોન આપતી કંપની પોતે જ દેવામાં ડૂબી

સ્ટાર હાઉસિંગ ફાઇનાન્સના CEOનું રાજીનામું

કંપનીના શેરનો ભાવ રૂ. 7ની નીચે

મુંબઈ, તા. 27: એક ફાઈનાન્સ કંપની છે, જે લોન આપવાનું કામ કરતી હતી, પણ કંપનીને પોતાના બિઝનેસને જાળવવા માટે અન્ય કંપનીઓ પાસેથી લોન લેવી પડી હતી, જેનો હપ્તો ચુકવવામાં હાલમાં પોતે જ નિષ્ફળ ગઈ છે અને કંપની દેવાના જાળમાં ફસાઈ ગઈ છે. જેના પરિણામે સ્ટાર હાઉસીંગ ફાઈનાન્સના સીઈઓ કલ્પેશ દવેએ રાજીનામું આપી દીધું છે. દેવામાં ડુબેલા સ્ટાર હાઉસીંગ ફાઈનાન્સ એક્સચેન્જ ફાઈલીંગમાં જણાવ્યું હતું કે, તેના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને સીઈઓ કલ્પેશ દવેનો કાર્યકાળ પુર્ણ થઈ ગયો છે. જેના લીધે કંપનીના શેરની હાલત ખરાબ છે. શેરની કિંમત રૂ.10થી ઓછી રૂ. 7ની નીચે બોલાઈ ગયો છે. પીટીઆઈના અહેવાલ અનુસાર સ્ટાર હાઉસીંગ ફાઈનાન્સે બે નાણાકીય સંસ્થા હિન્દુજા હાઉસીંગ ફાઈનાન્સ અને એલઆઈસી હાઉસીંગ ફાઈનાન્સને 7 એપ્રિલે ટર્મલોનના હપ્તાની ચુકવણીમાં ડિફોલ્ટ વિશે જાણ કરી હતી. મુંબઈ સ્થિત કંપની બેસિનવિક્ટસ પ્રાઈવેટ લિમિટેડે લોનના હપ્તાની ચુકવણી ચૂકી ગયા બાદ મે મહિનામાં સ્ટાર હાઉસિંગ ફાઈનાન્સમાં હિસ્સો ખરીદવામાં રસ દાખવ્યો હતો. તેમણે 200 કરોડ રૂપિયાનું રોકાણ કરવાનું કહ્યું હતું.

સ્ટાર એચએફએલે રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે બેસિનવિક્ટસ પ્રાઈવેટ લિમિટેડ આ રોકાણ દ્વારા બહુમતી હિસ્સો હસ્તગત કરવા માંગે છે. ઉપરાંત, તમામ જરૂરી મંજૂરીઓ મેળવ્યા પછી, તે ગૌણ ખરીદી દ્વારા પ્રમોટર્સ અને સૌથી મોટા રોકાણકાર એઆરકેફિન ઈન્વેસ્ટમેન્ટ એન્ડ એડવાઈઝર્સ લિમિટેડનો હિસ્સો ખરીદવા માંગે છે.સ્ટાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ, 2005માં સ્થાપના થઈ હતી, એટલે કે કંપની 21 વર્ષ જૂની છે. એક અહેવાલ અનુસાર, સ્ટાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ પર કુલ 410 કરોડ રૂપિયાનું નાણાકીય દેવું છે, જેમાં ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની દેવાની જવાબદારીઓનો સમાવેશ થાય છે.

અનિલ અંબાણી અને રિલાયન્સ ઈન્ફ્રાને મોટો ઝટકો

સેબીએ રિલા. ઇન્ફ્રાની રૂ. 6526 કરોડના સેટલમેન્ટની પિટિશન ફગાવી દીધી

નવી દિલ્હી, તા. 27: ભારતના સૌથી મોટા અબજોપતિઓમાંના એક એવા અનિલ અંબાણીને ફરી એકવાર મોટો ઝટકો લાગ્યો છે. આ વખતે સેબીએ એક મોટો ઝટકો આપ્યો છે. આ સમગ્ર મામલો રિલાયન્સ ઈન્ફ્રા,ના રૂ. 6526 કરોડના ફંડના દુરઉપયોગ સાથે જોડાયેલા છે.

અનિલ અંબાણી અને રિલાયન્સ ઈન્ફ્રાએ આ મામલાના સમાધાન માટે સેબી સમક્ષ અરજી કરી હતી, પરંતુ સેબીએ તેની સેટલમેન્ટ અરજી ફગાવી દીધી હતી.

ગત સપ્તાહે સેબીએ અનિલ અંબાણી અને રિલા. ઈન્ફ્રા.એ અંબાણી સાથે જોડાયેલી કંપનીઓને ખોટી રીતે રૂ. 65.26 અબજ રૂપિયા ટ્રાન્સફર કર્યા હોવાના આક્ષેપોને નકારી કાઢ્યા હતા.

સેબીએ આરોપ લગાવ્યો છે કે રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે અગાઉ ફંડના વ્યવહારો વિશે જે માહિતી આપી હતી તે વાસ્તવમાં અગાઉના વ્યવહાર કરતા વધુ હતી. કંપનીએ એન્જિનિયરિંગ કોન્ટ્રાક્ટર સીએલઈ સાથે લગભગ 6,526 કરોડ રૂપિયાના એક્સપોઝરની જાણ કરી હતી અને તેને સ્વતંત્ર કંપની તરીકે વર્ણવી હતી. પરંતુ ભારતીય નિયમનકાર સેબીએ આરોપ લગાવ્યો છે કે અનિલ અંબાણી રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે સીએલઈને રૂપિયા 17670 કરોડ ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ, તે કંપનીએ 2024 સુધીના એક દાયકામાં અંબાણીની આગેવાની હેઠળની રિલાયન્સ એડીએ ગ્રુપ સાથે સંકળાયેલી કંપનીઓમાં ઓછામાં ઓછા રૂપિયા 11200 કરોડનું રોકાણ કર્યું હતું.

રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે ઓક્ટોબર 2025માં એક્સચેન્જ ફાઈલિંગમાં અહેવાલ આપ્યો હતો કે સેબીએ આરોપ લગાવ્યો છે કે કંપનીએ લિંક્ડ એન્ટિટી સાથે તેના નાણાકીય સંપર્કને લગતા નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. જોકે, કંપનીએ આ અંગે કોઈ વધુ માહિતી આપી નથી.

ગોલ્ડમેન સૅક્સે ભારતના વિકાસ દરનો અંદાજ વધારીને 6.8 ટકા કર્યો

સસ્તું ક્રૂડ ઓઇલ અને ઘટતો ફુગાવો બનશે દેશની આર્થિક વૃદ્ધિનું ચાલક બળ; પડકારો હજુ પણ યથાવત

મુંબઈ, તા. 27: વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સૅક્સે ભારતીય અર્થતંત્ર માટે રાહતના સમાચાર આપ્યા છે. બેંકે વર્ષ ૨૦૨૬ માટે ભારતના વિકાસ દર (GDP)ના અંદાજમાં ૦.૩%નો વધારો કરીને તેને ૬.૮% કર્યો છે. અહેવાલ અનુસાર, મધ્ય પૂર્વમાં તણાવ ઘટ્યા બાદ વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ તૂટ્યા છે, જેનાથી ભારત પરનું આર્થિક દબાણ હળવું થયું છે અને આયાત બિલમાં મોટી બચત થઈ છે.

ફુગાવામાં ઘટાડો: ગોલ્ડમેન સૅક્સે ભારતમાં મોંઘવારીનો અંદાજ ૫.૧% થી ઘટાડીને ૪.૯% કર્યો છે.

સબસિડીનો બોજ ઘટશે: વૈશ્વિક સ્તરે યુરિયાના ભાવ સુધરતાં અને ક્રૂડ સસ્તું થતાં સરકાર પર ખાતર સબસિડીનું નાણાકીય દબાણ ઓછું થશે.

પુરવઠો સામાન્ય થયો: યુએસ-ઈરાન કરાર બાદ હોર્મુઝ સ્ટ્રેટમાંથી ઓઈલ ટેન્કરોની અવરજવર ફરી શરૂ થઈ છે, જેનાથી ભારતને તેલનો પુરવઠો સરળતાથી મળી રહ્યો છે.

જો કે, બેંકે ભવિષ્યના કેટલાક પડકારો તરફ પણ ઈશારો કર્યો છે. હવામાન વિભાગ દ્વારા આ વર્ષે 'અલ નીનો'ની અસર અને નબળા ચોમાસાની આગાહી કરવામાં આવી છે, જે ગ્રામીણ વિસ્તારોમાં ખરીદી અને માંગ પર વિપરીત અસર પાડી શકે છે. તેમ છતાં, બીજા ક્વાર્ટરમાં જીડીપી વૃદ્ધિ અગાઉની ધારણા કરતાં ઘણી મજબૂત રહેવાની આશા છે.

ગૌતમ અદાણી કેસમાં નવો વળાંક

યુએસ કોર્ટે કેસ ફગાવવાનો ઈનકાર કરી સરકાર પાસે માંગ્યો જવાબ

નવી દિલ્હી, તા. 27: અમેરિકન ન્યાયાધીશે ન્યાય વિભાગને ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વિરૂદ્ધ ફોજદારી કેસ પાછા ખેંચવાના તેના નિર્ણયને યોગ્ય ઠેરવવા માટે કારણો આપવા નિર્દેશ આપ્યો હતો. અદાણીના વકીલોની આ કેસને ઔપચારિક રીતે ફગાવી દેવાની વિનંતી પર કોર્ટે ઝડપી ચુકાદો આપવાનો ઈન્કાર કરી દીધો છે. ફેડરલ પ્રોસીક્યુટર્સે 18મી મેના રોજ જાહેરાત કરી હતી કે તેઓ આ કેસમાં વધુ કાર્યવાહી કરશે નહીં. આ કેસમાં અદાણી પર સિક્યોરિટીઝ છેતરપિંડી અને લાંચ સંદર્ભમાં છેતરપિંડીનો આરોપ હતો. અદાણીના વકીલોએ બ્રુકલીનના યુએસ ડિસ્ટ્રીક્ટ જજ નિકોલસ ગરાઉફિસને આ કેસને ઔપચાલિક રીતે ફગાવી દેતા જણાવ્યું હતું કે, ન્યાયાધીશે કહ્યું હતું કે, ફરિયાદીની નોટિસમાં આ નિર્ણયનો સંપુર્ણ ખુલાસો આપવામાં આવ્યો નથી. ગરાઉફિસે જણાવ્યું હતું કે, સરકારનું સંક્ષિપ્ત, સ્પષ્ટ અને નિર્ણાયક નિવેદન કોર્ટને નિષ્કર્ષ પર પહોંચવા માટે પુરતુ કારણ નથી, તે જ સમયે કેસને ફગાવી દેવાની સરકારની વિનંતીની વિશ્લેષણ કરવી પણ યોગ્ય નથી. અદાણી વિરૂદ્ધ કેસ 2024માં દાખલ કરવામાં આવ્યો હતો, જે ડેમોક્રેટિક રાષ્ટ્રપતિ જો બિડેનનો કાર્યકાળ પૂરો થયો હતો. વ્હાઈટ હાઉસમાં રિપબ્લિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન આરોપો છોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૭૨૫૦
તેજાબી સોનું	૧૪૭૧૬૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૯૮૮૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૪૩૧૦
સોનાનાં બિસ્કીટ	૧૪૭૨૫૦૦
ચાંદી (૯૯૯)	૨૨૯૯૦૦
ચાંદી સિક્કા	૨૩૧૪૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૭૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૨૦
સીંગતેલ (૫ લી)	૯૨૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૭૦	તલતેલ	૪૭૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૨૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૫૦૦
એમ-૩૦	૪૪૫૦
એસ-૩૦	૪૪૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

DGVCL

કાર્યપાલક ઇજનેર શ્રી ની કચેરી,
કડોદરા(સં અને નિ) વિભાગીય કચેરી,
66 કે.વી. એસ.એસ. કમ્પાઉન્ડ, કડોદરા.

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પુરવઠો બંધ રહેવા અંગે ની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકો ને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીના કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ ને સમય સુધી વીજ પુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈપણ જાતની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની નોંધ લઇ સહકાર આપવા વિનંતી છે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/વાર	સમય
૧	૬૬ કેવી વાવ	૧૧ કેવી SRP CAMP જેજીવાય	કામરેજ રૂરલ	૧૯૧૨૩	૩૦.૦૬.૨૦૨૬/ મંગળવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૨	૬૬ કેવી પલસાણા	૧૧ કેવી વિરદેવ ઇન્ડ	પલસાણા	૧૯૧૨૩	૦૧.૦૭.૨૦૨૬/ બુધવાર	૦૭:૦૦ થી ૧૩:૦૦ કલાકે
૩	૬૬ કેવી રૂંઢા	૧૧ કેવી ગોવિંદજી ઇન્ડ	પલસાણા	૧૯૧૨૩	૦૧.૦૭.૨૦૨૬/ બુધવાર	૦૭:૦૦ થી ૧૩:૦૦ કલાકે
૪	૬૬ કેવી સેવણી	૧૧ કેવો ગોપીન ઇન્ડ	સેવણી	૧૯૧૨૩	૦૧.૦૭.૨૦૨૬/ બુધવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૫	૬૬ કેવી સેવણી	૧૧ કેવી માનવ ઇન્ડ	સેવણી	૧૯૧૨૩	૦૧.૦૭.૨૦૨૬/ બુધવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૬	૬૬ કેવી કામરેજ	૧૧ કેવી નીલકંઠ જેજીવાય	કામરેજ રૂરલ	૧૯૧૨૩	૦૨.૦૭.૨૦૨૬/ ગુરુવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૭	૬૬ કેવી કામરેજ	૧૧ કેવી ખોલવાડ જેજીવાય	કામરેજ રૂરલ	૧૯૧૨૩	૦૨.૦૭.૨૦૨૬/ ગુરુવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૮	૬૬ કેવી શામપુરા	૧૧ કેવી ઓરના જેજીવાય	સેવણી	૧૯૧૨૩	૦૨.૦૭.૨૦૨૬/ ગુરુવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૯	૬૬ કેવી પલસાણા	૧૧ કેવી વિસત ઇન્ડ	પલસાણા	૧૯૧૨૩	૦૩.૦૭.૨૦૨૬/ શુક્રવાર	૦૭:૦૦ થી ૧૩:૦૦ કલાકે
૧૦	૬૬ કેવી પરબ	૧૧ કેવી પરબ જેજીવાય	સેવણી	૧૯૧૨૩	૦૩.૦૭.૨૦૨૬/ શુક્રવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૧૧	૬૬ કેવી વાવ	૧૧ કેવી નટરાજ ઇન્ડ	કામરેજ રૂરલ	૧૯૧૨૩	૦૪.૦૭.૨૦૨૬/ શનિવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૧૨	૬૬ કેવી વાવ	૧૧ કેવી સોહમ ઇન્ડ	કામરેજ રૂરલ	૧૯૧૨૩	૦૪.૦૭.૨૦૨૬/ શનિવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૧૩	૬૬ કેવી પરબ	૧૧ કેવી શ્રીધર જેજીવાય	સેવણી	૧૯૧૨૩	૦૪.૦૭.૨૦૨૬/ શનિવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૧૪	૬૬ કેવી પરબ	૧૧ કેવી બ્રહ્મા ઇન્ડ	સેવણી	૧૯૧૨૩	૦૪.૦૭.૨૦૨૬/ શનિવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૧૫	૬૬ કેવી પરબ	૧૧ કેવી જય સીયારામ ઇન્ડ	સેવણી	૧૯૧૨૩	૦૪.૦૭.૨૦૨૬/ શનિવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૧૬	૬૬ કેવી કડોદરા	૧૧ કેવી એસીટોન ઇન્ડ	કડોદરા ઇન્ડ	૧૯૧૨૩	૦૪.૦૭.૨૦૨૬/ શનિવાર	૦૭:૦૦ થી ૧૩:૦૦ કલાકે

કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, કડોદરા

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

પેટમાં ગેસ

દહીં વલોવી બનાવેલા બસો ગ્રામ મઠામાં બે ગ્રામ અજમો અને ચપટી મીઠું ઉમેરી જમ્યા પછી રોજ પીવું.

નૅક પેકેજિંગ લિમિટેડનો આઈપીઓ

નૅક પેકેજિંગ લિમિટેડનો આઈપીઓ બુધવાર, 1 જુલાઈ, 2026ના રોજ ખુલશે. શેર માટે રૂ. 161 થી રૂ. 170નો પ્રાઇઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે. ઓછામાં ઓછા 88 ઇક્વિટી શેર માટે અને ત્યારબાદ તેના 88 શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે. ઈસ્યું શુક્રવાર 3 જુલાઈ, 2026ના રોજ બંધ થશે.

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૩૩.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૮	૫૦/૩૬ ''	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૬	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૧
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૪	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૦	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૨	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૬
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૦	૧૦૦ ટેક્ષ	૧૩૯	૬૮ ક્રિમ્પ	૧૪૪
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૮	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૨
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૯	૮૦/૭૨ રોટો	૧૪૩	૭૫ ક્રિમ્પ	૧૪૧
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૩૯
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ''	૧૪૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

આજનું પંચાંગ

તા. 28/06/2026, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિ: સુદ : ચૌદસ 27.07
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 07
યોગ : શુભ **કરણ:** ગર
નક્ષત્ર : જયેષ્ઠા 25.10 સુધી જન્મેલાની જયેષ્ઠા અને તે પછી જન્મેલાની મૂળની શાંતિ કરાવવી.
રાશિ : વૃશ્ચિક (ન.ય.)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 06:01 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
નવકારસી : 06:49
પારસી વર્ષ : 1395 બહમન માસનો 18મો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 12મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
રાહુકાળ: સાંજે 16.30થી 18.00 સુધી

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ): થાકનો અનુભવ થાય. આરોગ્ય નરમગરમ રહે. પરિવાર સાથે મનોરંજન થાય. કોઇની વાતોમાં આવવું નહીં.

વૃષભ(બ,વ,ઉ): નવા ધંધા વ્યવસાયની યોજનામાં કુટુંબ મિત્રોનો સાથ મળે. ઘરમાં અવરજવર વધશે.

મિથુન (ક,છ,ઘ): હરીફોથી સાવધાન. માતાના પ્રશ્નો સતાવે. મન પર ગુપ્ત ભય રહે. સરકારી કામમાં પ્રગતિ થાય. બેંકની લોનમાં ધીરજ રાખવી.

કર્ક (ડ,હ): ઉચ્ચ કક્ષાના વફાદાર મિત્રોનો સાથ પરિવારની સમસ્યામાં મળે. મોજશોખ પાછળ ખર્ચ થાય. પ્રેમમાં સાથ મળે. આવક વધે.

સિંહ (મ,ટ): મિલકતના સોદા થઇ શકે છે. જમીન, ખેતીને લગતા કામમાં વડીલોનો સાથ મળે. નોકરી ધંધાર્થે પ્રવાસ થાય. નવા ફેરફાર થાય.

કન્યા (પ,ઠ,ણ): અટકેલાં કામમાં ગતિ આવે. મિત્રો સાથે નવા વેપાર વ્યવસાયની યોજના બને. દલાલીના કામમાં મદદ મળે.

તુલા (ર,ત): વાણી, બુદ્ધિશકિત, વ્યવહાર કુશળતાથી સફળતા મળે. અચાનક શુભ સમાચાર મળે. ઉઘરાણી આવી શકે છે.

વૃશ્ચિક (ન,ય): સમાજ, પરિવાર અને નોકરી ધંધાને લગતા કામ અને પ્રવાસમાં અનુકૂળતા રહે. ઇચ્છિત મુલાકાત થાય. મન અશાંત રહે.

ધન (ભ,ધ,ફ,ઢ): સામાજિક પ્રવૃત્તિથી યશ મળે. બહારના કામનો બોજ વધે. ધાર્મિક પ્રસંગમાં જવાનું બને. કોર્ટ કચેરીમાં વિલંબ.

મકર (ખ,જ,): સંતાનોના કામમાં મદદ મળે. મિત્રોનો સાથ સામાજિક કામમાં મળે. પ્રેમ વિવાહની વાતમાં ધીરજ રાખવી.

કુંભ (ગ,સ,શ,ષ): નવા વેપાર ધંધામાં વડીલો મદદરૂપ બનશે. આવક વધારવાની તક મળે. નોકરીમાં પ્રભાવ વધશે.

મીન (દ,ચ,ઝ,થ): ઉચ્ચ શિક્ષણ, વિદેશ પ્રવાસ, કાયદા કાનૂન, સાહિત્ય, ધાર્મિક સાહિત્યના વેચાણ વગેરેમાં ભાગ્યનો સાથ મળે.

કોઈ પણ સાલમાં 28 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં ચડતીપડતી રહે. સાથે ટેકનોલોજીનો લાભ મળે. આર્થિક રીતે સામાન્ય રહે. સમાજમાં તાલમેળ રાખવો પડશે. પરિવારની અપેક્ષાઓ કામનો બોજ વધારશે. સરકારી નોકરીની તૈયારીમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સાવધાની રાખવી. કોઇ સહી સિક્કામાં ઉતાવળ કરવી નહીં. વિદ્યાર્થીઓની મહેનત વધશે. આત્મવિશ્વાસ રાખવો પડશે. વિદેશનાં કામ ધીમાં પડે. ઉમરલાયકના વિવાહ થાય. સામાજિક કામની જવાબદારી મળે. ઉઘરાણી અને આરોગ્યના પ્રશ્નો સતાવશે. સંતાનોના કેરીયર-અભ્યાસમાં પ્રગતિ થાય. નવાં લોકો અને હરીફોથી સાવધાન રહેવું. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં સફળતા મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં મિત્રોની મદદ મળતી રહેશે. જુલાઇ ઓગસ્ટ, રવિ, સોમવાર 1,10, 28 તારીખે નવા કામ કરતા રહેવું. સોનેરી અને ભૂરા રંગનો ઉપયોગ કરવો. નવેમ્બર, ડિસેમ્બર, શુક્ર, શનિવાર, 7, 16, 25 તારીખે નવાં કામ ટાળવાં, શ્યામ રંગનો ઉપયોગ ટાળવો. સૂર્યદેવની ઉપાસના કરતા રહેવું.